# તાત્કાલિક પરામર્શ માટે દર્દીની માહિતી

## આ માહિતી શીટ સમજાવે છે કે તમારા જીપીએ શા માટે તમને હોસ્પિટલમાં સંદર્ભિત કર્યા છે, તેનો અર્થ શું છે અને તમારે શું કરવાની જરૂર છે

**મને શા માટે તાત્કાલિક હોસ્પિટલમાં સંદર્ભિત કરવામાં આવ્યું છે?**
તમને તાત્કાલિક સંદર્ભિત કરવામાં આવ્યું છે કારણ કે તમારા જીપીને લાગે છે કે તમારા લક્ષણો અંગે વધુ તપાસની જરૂર છે અને તેમણે તમને નિષ્ણાતને સંદર્ભિત કર્યા છે. તમને શું થયું છે તે શોધવા માટે તમારી ઝડપી તપાસ થાય તેવી તમે અપેક્ષા રાખી શકો છો.

**શું તેનો અર્થ એ કે મને કૅન્સર છે?**
કૅન્સરની શક્યતા સહિત, આ લક્ષણો સાથે જોડવામાં આવી શકે તેવી ઘણી સામાન્ય સ્થિતિઓ છે. મોટા ભાગના લોકો, જેમને તાત્કાલિક સંદર્ભિત કરવામાં આવે છે તેઓ કૅન્સરથી પીડાતા નથી.

કેન્સરનું નિદાન થયું હોય તે કિસ્સામાં, નિદાન વહેલા કરવામાં આવે તેની ખાતરી કરવાનો અર્થ તે છે કે સારવાર વધુ અસરકારક હોઈ શકે છે અને તેથી જ તે મહત્વપૂર્ણ છે કે તમારી તપાસ તાત્કાલિક કરવામાં આવે.

કારણ કે આ પરામર્શ તાત્કાલિક છે, તેનો અર્થ એ છે કે તમને બે અઠવાડિયામાં હોસ્પિટલની એપોઇન્ટમેન્ટ આપવામાં આવશે પરંતુ તે એક અઠવાડિયામાં પણ આપવામાં આવી શકે છે. નિદાન ઝડપથી પ્રાપ્ત થાય તે માટે તમને આગામી ચાર અઠવાડિયામાં વધુ પરીક્ષણો માટે આવવાની જરૂર પડી શકે છે.

**તમારા જીપીને શું જાણવાની જરૂર છે?**

- ખાતરી કરો કે તમારા જીપી પાસે તમારું સાચું સરનામું અને જો તમારી પાસે હોય તો મોબાઇલ નંબર સહિત ટેલિફોન નંબર હોય, કારણ કે હોસ્પિટલ ટેલિફોન દ્વારા તમારો સંપર્ક કરી શકે છે
- જો તમે આગામી બે અઠવાડિયામાં કોઈ એપોઇન્ટમેન્ટમાં હાજર રહેવા માટે અસમર્થ હોવ, તો કૃપા કરીને તમારા જીપીને કહો
- જો તમને કોઈ અનુવાદકની જરૂર હોય, તો કૃપા કરીને તમારા જીપીને જાણ કરો અને તેઓ તમારા માટે તેની વ્યવસ્થા કરશે
- જો તમને બે અઠવાડિયામાં હોસ્પિટલમાંથી એપોઇન્ટમેન્ટ મળી નથી, તો કૃપા કરીને તમારા જીપીનો સંપર્ક કરો

**પછી શું થશે?**

તમારા જીપી પ્રેક્ટિસ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરશે. જો તમારા જીપી તમારા માટે આ બુક કરવામાં અસમર્થ રહે, તો તે ગોઠવવા માટે હોસ્પિટલ તમારો સંપર્ક કરશે.
હોસ્પિટલ તમે મુલાકાત લો તે દિવસે કરવામાં આવી શકે તેવા કોઈપણ પરીક્ષણો સહિત એપોઇન્ટમેન્ટ સંબંધિત વધારાની માહિતી પણ મોકલી શકે છે.

એકવાર તમે તમારી તારીખ સ્વીકારી લો તે પછી તમે હાજર રહો તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે તમારી એપોઇન્ટમેન્ટમાં હાજર રહેવામાં અસમર્થ હો, તો હોસ્પિટલને તાત્કાલિક જાણ કરવા માટે કૃપા કરીને તમારા પુષ્ટિ પત્ર પરના નંબર પર કૉલ કરો.

**હોસ્પિટલમાં શું થશે?**

જ્યારે તમારી હોસ્પિટલની એપોઇન્ટમેન્ટ હોય ત્યારે તમે સામાન્ય રીતે નિષ્ણાતને મળશો અથવા તમારું નૈદાનિક પરીક્ષણ કરવામાં આવશે. જો તમને તમારી એપોઇન્ટમેન્ટ દરમિયાન કોઈ પરીક્ષણો કરાવવાની જરૂર હોય તો તમને અગાઉથી કહેવામાં આવશે, તેથી કૃપા કરીને ખાતરી કરો કે તમે અગાઉથી આપવામાં આવેલી કોઈપણ સૂચનાઓને અનુસરો છો.
તમારા મિત્ર અથવા કુટુંબના સભ્યને તમારી સાથે લાવી શકો છો, કેમ કે તબીબી ટીમ તમારી સાથે શું ચર્ચા કરશે તે સમજવા વિશે તમને ચિંતા હોય તો તે સહાયરૂપ થઈ શકે છે.

**કોઈ પ્રશ્ન?**
જો તમને તમારા હોસ્પિટલમાં પરામર્શ સંબંધિત કોઈ ચિંતાઓ અથવા પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમને સંદર્ભિત કર્યા હોય તે વ્યક્તિ સાથે વાત કરવા માટે તમારા જીપી સર્જરીને કૉલ કરો.

**વધુ માહિતી માટે ઉપયોગી લિંક**

https://www.cancerresearchuk.org/
https://www.macmillan.org.uk/information-and-support